RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 355 * Date: 15.10.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં તિરાડ, ભારતીય હાઈ કમિશનરને પરત બોલાવાયા



કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર (Hardeep Singh Nijjar)ની કથિત હત્યા બાદ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો (Canadian PM Justin Trudeau) વારંવાર ભારત વિરુદ્ધ અવાર-નવાર ઝેર ઓકતા રહે છે. ટ્રુડો સરકારે નિજ્જર કેસમાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ 'વ્યક્તિગત હિત'નો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યા બાદ ભારતે જડબાતોડ જવાબ આપી મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે સંજય કુમાર વર્માને તાત્કાલિક ત્યાંથી ભારત પરત બોલાવી દીધા છે. ભારત સરકારે કેનેડામાંથી હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે.

ટ્રુડો ભારત વિરુદ્ધ અવારનવાર ઝેર ઓકતા રહે છે. અગાઉ તેમણે ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા પાછળ ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો. હવે તેમની સરકારે ભારતના રાજદ્વારીઓને મુશ્કેલીમાં નાખવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. કેનેડિયન સરકારે ભારતીય હાઈ કમિશનર વિરુદ્ધ કથિત કાર્યવાહી કરવાની તૈયારી કરતા ભારતે પણ જડબાતોડ જવાબ આપ્યો છે.

વાસ્તવમાં કેનેડિયન સરકારે ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ નિજ્જરની હત્યાની તપાસમાં 'વ્યક્તિગત હિત' રાખ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. જેનો ભારતે જડબાતોડ જવાબ આપી ભારતીય હાઈ કમિશનર પર આરોપ લગાવવાના કેનેડાના પ્રયાસોના જવાબમાં કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી. હવે ભારતે આકરો નિર્ણય લઈ ભારતીય હાઈકમિશનરને તાત્કાલિક ભારત બોલાવી દીધા છે.કેનેડાના પાયાવિહોણા આક્ષેપોને રદિયો આપતા ભારતે કહ્યું હતું કે, અમે કેનેડાના કોઈપણ આક્ષેપોને સાંભળવાના નથી. આ પહેલા વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરીને કહ્યું છે કે, ભારતીય હાઈકમિશનર હત્યાની તપાસમાં રસ રાખનાર વ્યક્તિ હોવાના આક્ષેપ તદ્દન પાયાવિહોણા છે. ભારતે વળતો જવાબ આપી કહ્યું હતું કે, કેનેડાની સરકાર પુરાવા વગર અમારા અધિકારીઓને બદનામ કરી રહી છે. તેમની સરકાર પોતાની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદીઓને અટકાવવામાં નિષ્ફળ ગઈ છે, તેથી તેઓ પાયાવિહોણા દાવાઓ કરી રહી છે.



## તંત્રી સ્થાનેથી..

### અલથાણ ડેપો પર પહેલો પ્લાન્ટ સ્થપાશે:૬૦૦ ઈ-બસનાં ચાર્જિંગ સ્ટેશનને સોલાર બેઝ્ડ કરાશે

ટેક્સ્ટાઈલ અને બ્રિજિસ સિટી તરીકે ખ્યાતનામ સુરત શહેર 'ઇલેક્ટ્રિક સિટી'થી પણ ઓળખાય તે માટે વર્ષ-૨૦૩૦ સુધીમાં સુરત મહાનગરપાલિકા વિવિધ સર્વિસમાં કન્ઝ્યુમ થતી ઈલેક્ટ્રિક પૈકીની ૫૦ ટકા વીજળી રિન્યુએબલ એનર્જી સોર્સથી ઉત્પાદન કરવાનું પ્લાનિંગ નક્કી કરી કર્યું છે. હાલમાં સુરત પાલિકાએ કુલ વીજ ખર્ચ પૈકી ૨૮ ટકા વીજ ખર્ચ ઉપર રાહત હાંસલ કરી લીધી છે, ત્યારે શહેરમાં દોડતી ૬૦૦ ઈ-બસના ચાર્જિંગ માટેની લોડ ડિમાન્ડને સોલાર પ્લાન્ટથી પૂર્ણ કરવાની રણનીતિ જાહેર કરાઇ છે. મ્ઈ્જી બસ ચાર્જિંગ માટે પહેલું સોલાર પ્લાન્ટ ૈંઢ (જર્મની)ના સહયોગથી અલથાણ બસ ડેપો પર સ્થાપાશે. આ પાયલોટ પ્રોજેક્ટનો તમામ ઈન્સ્ટોલેશન ખર્ચ પણ ૈંઢ 'સેવ એન્વાયરોન્મેન્ટ'ના સ્વભંડોળમાંથી કરાશે. જેથી સુરત પાલિકા ઉપર એક પણ રૂપિયાનું આર્થિક ભારણ આવશે નહીં.સુત્રોએ કહ્યું કે, વિવિધ ૯૫ જેટલી કચેરીઓ, સ્ટ્રીટ લાઈટ નેટવર્ક, ટર્શરી-સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પમ્પિગ સ્ટેશન, વોટર વર્ક્સ, સ્વિમિંગ પુલ અને ઓડિટોરિયમ સહિતની બિલ્ડિંગોના વીજ બિલ પેટે વર્ષે ૨૭૫ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. તેની સામે સુરત પાલિકાના એનર્જી ઍફિશિયન્સી સેલ દ્વારા વિન્ડ પાવર દ્વારા ૩૯ મેગાવોટ, બનાસકાંઠામાં ૧૦ મેગાવોટનો સોલાર પ્લાન્ટ અને વિવિધ પાલિકા કચેરીઓ પર રૂફ ટોપથી ૯ મેગાવોટ મળી ૫૮ મેગાવોટ એનર્જિનું ઉત્પાદન કરી રહી છે. જે કુલ વીજ ખર્ચના ૨૮ ટકા જેટલું ઉત્પાદન હોવાથી વીજ સર્વિસમાં બચત થઇ રહી છે.

# આખરે રેવડી રાજસ્થાનથી પકડાઇ ગઇ!!

આ દેશમાં વાવાઝોડા,વરસાદ, તોફાનની જેમ દેશને ચગડોળે ચડાવે છે. ક્યારેક સર્જિકલ સ્ટ્રાઇક, ક્યારેક પાકિસ્તાન,ક્યારેક બીફ, ક્યારેક કંઇ.શાંત જળમાં પથ્થર ફેંકીએ અને વમળ ફેલાય તેમ મુદાઓ દેશને ધમરોળે. સોશિયલ મિડીયામાં તરફેણ- વિરોધમાં કોમેન્ટોનું મહાપુર આવે. ટવિટ-રિ-ટવિટ, ટ્રોલ, ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થતી વેબ સિરિઝો, ફિલ્મો, સિરિયલોમાં હિંસા, મારધાડ, શૃંગાર, કામુકતા, ગાલીગલોચ એમ તમામ પ્રકારનો તથાકથિત મનોરંજન મસાલો હોય તેમ કોમેન્ટસમાં બધું હોય!! છેલ્લે ફ્રી-બિઝ એટલે દેશની જનતાને આપવામાં આવતી મફતની વસ્તુ અંગો તોફાન ફૂંકાયું રેવડી શું કહેવાય? રેવડીથી પ્રજા નિર્માલ્ય, હતવીર્ય અને ભિક્ષુકના તબદિલ થાય, રેવડીથી અર્થતંત્ર પાયમાલ થાય, વિકસિત અને વિકાસશીલ દેશો રેવડી કલ્ચરથી તબાહ થઇ ગયા તેના નામ સાથે દ્રષ્ટાંતો ટાંકવામાં આવે, વિપક્ષ મફતમાં શ્વાસ હવા, પાણી સ્વપ્ર પૂરા પાડે તો સાડી સતરવાર રેવડી કહેવાય!! આપણે દરેક મતદારને કુબેરનો ખજાનો આપીએ તો જીવન જીવવાની સંજીવની-અમૃતકૂપ આપ્યો કહેવાય!!

આજે દેશમાં રેવડીની ઘમાસાણ ધમાલ ચાલે છે. રેવડીએ દેશને રવાડે ચડાવ્યો છે. લોકો બે ભાગમાં વહેંચાઈ ગયો છે. રેવડીની તરફેણ કરનાર. રેવડીનો વિરોધ કરનાર. તમે જો રેવડી વહેંચો તો કલ્યાણ યોજના કહેવાય. સામેવાળા વહેંચે તો રેવડી ગણવાની.

દેશના લોકોએ ભરેલા કરવેરા સરકારની આવક બને .એના પર કોનો હક્ક એ સવાલ સેન્સિટીવ, ટચી અને કોન્ટ્રોવર્સિયલ છે. આમ, તો ગરીબ, પદદલિત, શોષિત, વંચિતો, ગ્રામીણ, લોકોનો હાથ થામવામાં આવે તો તે સમાજની મુખ્યધારામાં આવી શકે છે!!પરંતુ આવું થાય છે કે કેમ તે યક્ષ પ્રશ્ર છે. આપણે મોટા મૂડીરોકાણ થકી રોજગાર સર્જન થાય તેવી અપેક્ષા હોય છે.વાસ્તવમાં, મૂડીરોકાણથી રોજગાર સર્જન થતું નથી અને જોબલેસ ગ્રોથનું નિર્માણ થાય છે.

આજથી વરસો પહેલાં પંદરમી ઓગષ્ટ કે ૨૬ મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં આગેવાનો- વેપારીની દરિયાદિલીની દાનથી નિશાળિયાને પતાસા મફતમાં વહેંચવામાં આવતા હતા. તેની સામે કોઇને વાંધો ન હતો.

આપણને હવા, પાણી, સૂરજપ્રકાશ કુદરત પાસેથી રેવડી રૂપે મળે છે તેનો હોબાળો નથી. સાહેબનું ચાલે તો તેની કિંમત વસૂલે અને તેના પર અઠાવીસ ટકા જીએસટી( જીએસટી એટલે જીવન સર્વિસ ટેકસ.ગબ્બર સિંહ ટેકસ કોણ બોલ્યું? બેશરમો !!)

કોઇ આપણા ઘરે મહેમાન આવે કે આપણે કોઇને ત્યાં મહેમાન થઇએ છીએ. આપણે નાના નાના બાળકોને ચોકલેટ કે ટોફી આપીએ છીએ. હવે ચોકલેટ કે ટોફી આપીને તેના વાલી પાસેથી તેની કિંમત વસુલી લેવાની . કેમ કે, મફતમાં રેવડી વહેંચવાની નહી!! મફત ચોકલ્ટની લાલચ આપીને કેટલાય દરિંદાઓ બાળકીઓના દેહ સાથે ખિલવાડ કરે છે!!

આપણે જન્મથી લઇને અંતિયેષ્ટિ માટે રોકડ કે વસ્તુસ્વરૂપે રેવડી વેચીએ છીએ. ખેડુતોના ખાતામાં સહાયની રેવડી ડીબીટીથી જમા કરીએ છીએ. ખેડુત નાબાર્ડ પાસેથી લોન લે તેના વ્યાજની સબસીડીની રેવડી વહેંચીએ છીએ .એ પણ બંધ ન કરવા પડે. શાસક તરીકે વહેંચીએ એ પ્રસાદ છે. સામાવાળા વહેંચે રેવડી છે!!!

ચૂંટણી સમયે નદી નહાય ત્યાં બંધ બાંધવાનું વચન આપીએ એ ચુનાવી રેવડી છે. કૂકર,મિકસચર, ટેબ્લેટ, સાઇકલ,

ઇ -બાઇક, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન,ધોતી , ફ્રી પાણી, ગેસ સિલિન્ડર, સાડી, બીડી , બુમલા, જુમલા,મંગળસૂત્ર, વીંટી, મામેરું, કરિયાવર,રોકડ રકમ, તિજોરી, ટિફિન, બેરોજગારી ભથ્થું વગેરે શું છે! કામગીરીનો આધાર લઇને કોણ ચૂંટણી લડે છે? આપણે લોકોએ ભરેલા ટેકસના નાણાંમાંથી લોકોને જ ફ્રીબીઝ આપીએ તો તેનો વિરોધ શા માટે? આપણે તાન્ઝાનિયા કે ઈથોપિયાના નાગરિકોને ખેરાત આપતા હોઈએ તે કેને વિરોધ બરાબર છે. આપણા દેશના નાગરિકોનો સરકારની કમાણી પર હક્ક છે, આ કોઇ ખેરાત નથી. દેશમાં મબલખ અનાજ પાક્યું હોય અને ટેકાના ભાવે ખરીદેલ અનાજ ગોડાઉનની સગવડ ન હોવાથી ખુલાસામાં સડે, ગોડાઉનમાં સડે , બીજી બાજુ દેશની વસ્તીનો ૧/૪ ભાગ અનાજ વિના ભૂખમરાથી પિડાતો હોય તો તેને મફતમાં અનાજ આપવું એ રેવડી કહેવાય? આવી સહાયને રેવડી કહેવી એ માનસિક નાદારીનો કેસ બને છે!!

માની લો કે મફતમાં ગરીબોને આપતી બધી બાબતો રેવડી છે તો અમીરોને મફત જમીન , સ્ટેમ્પ ડયુટીમાં મુકતિ, વેચાણવેરા, ઈલેકટ્રિક ડયૂટીમાં માફી એ રેવડી નથી તો કાજુકતરી કે અંજીરરોલ છે? આનો જવાબ કોઇ શૌધતું નથી કે મળે તો બોલતું નથી. મોં પર ખંભાતી તાળું લાગી જાય છે!!

હમણા રાજસ્થાનમાં માનવ ચેકપોસ્ટ પર ગુજરાત પાસિંગની બે કારમાંથી લગભગ છ કરોડ રૂપિયાનીન ચલણી નોટ પકડાઇ. આ રકમની ગણતરી કરતા મશીન મહાશય થાકીને ઠુસ થઇ ગયા. કારમાં સવાર ચાર લોકો છ કરોડ રૂપિયાની હેરાફેરી અંગે પ્રતીતિજનક જવાબ આપી શકયા નહીં!! કારમાં સવાર ચાર શકમંદની ધરપકડ કરાઇ. આરોપીની નામ દલારામ, સાંઇ પ્રજાપતિ ,છગનલાલ અને પ્રવીણ રેવડી છે. કાન ન ચમક્યા ?? અરે, ભલાદમી, જેના નામના સિક્કા પડે છે અને જેના નામની ચર્ચા ટોપ પર છે , એ (પ્રવીણ)રેવડી પકડાઇ ગઇ. માનવ રેવડી હોઇ શકે તે આજે જ જાણ્યું!!મફતની રેવડી હોય કે માનવ રેવડી. આપણને શું ફેર પડે છે???

ચાલો આપણે હરખ કરીએ કે રેવડી રંગેહાથે ઝડપાઇ ગઇ!!!!

ભરત વૈષ્ણવ

## પ્રાચીનગર નખત્રાણા ખાતે ભક્તિ ભાવપૂર્વક નવરાત્રી મહોત્સવ ઉજવાયો.




મહેશ સોની નખત્રાણા

હરિઓમ નવરાત્રી મિત્ર મંડળ પ્રાચી નગર દ્વારા છેલ્લા બાર દિવસ વર્ષથી નવરાત્રા ઉત્સવ અને ગણપતિ ઉત્સવનું આયોજન કરાતું હોય છે ત્યારે આ વર્ષે નવરાત્રી ઉત્સવમાં પ્રાચી નગર ,૧,૨,૩,શક્તિનગર, શિવનગર, શિવ આદર્શ સોસાયટી, તેમજ આજુબાજુના તમામ વિસ્તાર તેમજ સોસાયટીના ભાઈ બહેનો દ્વારા નવરાત્રીમાં નવ દિવસ રાસ ગરબા, આરતી ડાંડિયારાસ તેમજ જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ નવરાત્રીના નવમા નોરતે કચ્છ મોરબીના સાંસદ

શ્રી વિનોદભાઈ ચાવડા તેમજ અબડાસા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા અને જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા , શ્રી હરિસિંહ રાઠોડ સહિત વિવિધ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૧૨ વર્ષથી નવરાત્રી મહોત્સવ યોજાય છે. વિનોદ ભાઈ ચાવડાએ પોતાનાં ઉદબોધનમાં આયોજકોને અભિનંદન આપ્યા હતા તેમજ આવા કાર્યક્રમો થકી હિન્દુ સમાજમાં સંપ અને એકતા જળવાય છે એવું જણાવ્યુ હતું. સોસાયટીમાં જ્યારે નવરાત્રીની શરૂઆત થઈ ત્યારથી સાંસદ શ્રી તેમજ ધારાસભ્યશ્રીનો હંમેશા સહકાર મળતો આવ્યો છે. પ્રાચી નગર નવરાત્રી મિત્ર મંડળના પ્રમુખ ભરતભાઈ જોશી તેમજ પૂર્વ કારોબારી ચેરમેન વસંતભાઈ વાઘેલા બક્ષીપંચ મોરચાના પ્રમુખ મુકેશભાઈ રાણવા, સમિતિના અગ્રણીઓ કિશોરભાઈ ભાનુશાલી રાજુભાઈ ખત્રી અરવિંદભાઈ લોચા કારોબારી ચેરમેન,ઉત્પલ સિંહ જાડેજા મનસુખભાઈ છાંટબાર સહિત વિવિધ અગ્રણીઓએ આ કાર્યક્રમમાં જોડાઈને કાર્યકર્મને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. તો સમિતિના નવીનભાઈ સોની યુવા પ્રમુખ મયુરદાન ગઢવી ,

મયુરસિંહ જાડેજા શિવલાલભાઈ સોની હરેશભાઈ સોલંકી,

નવલસિહ સોઢા,

જગદીશભાઈ કાપડી

નીતિનભાઈ સુથાર પ્રતાપભાઈ સુથાર કૈલાશભાઈ ગોસ્વામી કિર્તીભાઈ ઠક્કર રાહુલભાઈ ઠક્કર શિવરાજભાઈ ગઢવી,પ્રતાપસિંહ સોઢા,નવરાત્રી ના મુખ્ય દાતા ગેમરસિહ સોઢા,રાજેશભાઈ ભાનુશાલી,અરવિંદભાઈ લોંચા, ધનાભાઈ પરમાર,ઉત્પલ્સિહ જાડેજા,વનરાજસિંહ જાડેજા નું બહુમાન કરવામાં આવ્યું હતું,,રમેશભાઈ ચોહાણ, શ્રવણ મહારાજ, મગનભાઈ દાફડા, સહિત ના અગ્રણીઓ જોડાયા હતા,નવ દિવસ નવરાત્રી ઉત્સવ માં સુખદેવભાઈ રાણા,મેઘનાબેન્ન ,વિજયસિંહ ચાવડા,સુરેશ દાફડા,મોલીક વાઘેલા,કપિલ મહારાજ,સહયોગ આપ્યો હતો, સમગ્ર નવરાત્રી દરમ્યાન પૂજા અર્ચના વિપુલ જોષી દ્વારા કરવામાં આવી હતી જ્યારે. સમગ્ર કાર્યક્રમનું નવ દિવસનું સંચાલન ભરતભાઈ જોશીએ કર્યું હતું

## મુસાફરી

એક સમય હતો, વિમાનમાં મુસાફરી કરવાનું સ્વપ્ર સેવતી હતી.સમયને બદલાતા વાર નથી લાગતો. ઘોડાગાડીમાં મજા આવતી હતી. બસની લહેરતો કાંઈ ઔર જ હતી. ટેક્સીમાં બેસવાનું અને નજર ફરતા મિટર ઉપર. ગાડીમાં બેસું ત્યારે કોઈ ચિંતા નહી.

પછી તો ગાડીની વણઝાર ચાલી. યાદ કરવા બેસવું પડે કે કેટલી ગાડી ખરીદી અને કેટલી અકસ્માતમાં ગુમાવી. ખેર, હવે જીંદગીની આ સાંજે એવું બધું યાદ કરવાનો કોઈ મતલબ નથી. વિમાનની મુસાફરી દરમિયાન થતાં જાત જાતના અનુભવ ખરેખર ક્ષણજીવી હોય કિંતુ સુદર છાપ છોડી જાય છે. એ ક્ષણમાં રાચવાનું દિલ થાય છે. હ્યુસ્ટનના વિમાન ઘરથી ન્યુ જર્સી જઈ રહી હતી. વિમાનમાં હાથમાં પર્સ સિવાય કશું ગમતું નથી. ખબર નથી છેલ્લા કેટલા વર્ષોથી આ ધારો ચાલી રહ્યો છે. આ વખતે કુટુંબ અને મિત્ર માટે હાથે બનાવેલી ફ્રેમ લઈને જતી હતી એટલે એટેચી લેવી પડી. ચેક ઈન કરું અને ફ્રેમ તૂટી જાય તો ? ભૂલ થઈ ગઈ. હ્યુસ્ટનના એરપોર્ટ પર ઘણું લાંબુ ચાલવાનું હોય છે. ત્યાર પછી સિક્યોરિટિ માટે પણ ખાસું ચાલવું પડે છે. હાથમાં પર્સ પણ રાખી ન હતી. ડ્રાઈવર લાઈસંસ અને બૉર્ડિંગ પાસ જેકેટના ખિસામાં રાખ્યા હતા. સેલ ફોન પણ બીજા ખિસામાં રહી ગયો.

મને બેગ ઉંચકીને ચાલતી જોઈ મારી પાછળવાળો અમેરિકન જુવાન બોલ્યો, 'કેન આઈ હેલ્પ યુ'?

મને મન તો થયું હા પાડું. પણ તેના હાથમાં બેક પેક જોઈ કહ્યું,'યુ ઓલરેડી હેવ લગેજ ઈન યોર હેંડ'. એ નવજાવાન મને બીજો હાથ બતાવતા કહે છે, 'માય સેકંડ હેંડ ઈઝ એંપ્ટી'.

મારાથી લઈને ચલાતું ન હતું. એ નવજુવાનને બેગ આપી. એને મન તો એ હલ્કી ફૂલ જેવી હતી. પછી તો મારી સાથે વાતે વળગ્યો. લગભગ અડધો કલાક અમે સાથે ચાલ્યા. કોઈ પણ જાતના અહેસાન વગર તેણે મારી બેગ ઉપાડી.

તેની સાથે વાત કરવામાં મને રસ પડ્યો. શાને માટે ક્યાં જઈ રહ્યો છે એ વાત સાંભળી મને ખૂબ આનંદ થયો. મારો નાનો દીકરો એ જ જાતનું કામ કરતો હતો. જ્યારે મેં અને કહ્યું તો પોતાનું કાર્ડ અને થોડા ફરફરિયા મને આપ્યા.

મારી મુસાફરી દરમિયાન તેનું વર્તન અને વાત કરવાની રીત મારા દિલને સ્પર્શી ગઈ અને મુખ પર સંતોષનું સ્મિત ફરકાવી ગઈ. ઉપર ચિત્રમાં દેખાય છે એવો જ હસમુખો જુવાન મારી મુસાફરી ને મહેકાવી ગયો.

આ સાવ તાજો અનુભવ છે. ભારત અવારનવાર જવાનું થાય. મુસાફરી દરમિયાન યાદગાર પ્રસંગ બનતા હોય છે. આદત પ્રમાણે મુસાફરી દરમિયાન સૂકા મેવાનું નએ થોડી ચોકલેટ સાથે હોય. મારી બાજુમાં બેઠેલી યુવતી અચાનક જાણે બિમાર થઈ ગઈ હોય એવી લાગી.

વાત કરતા ખબર પડી તેનું બ્લડ પ્રેશર ઓછું થૈ ગયું છે. વિમાનમાં



જે કોફી સાથે આપે છે તેને હજુ વાર હતી. મને કહે પ્લેનમાં બેસતા પહેલા ખાઈને નિકળિ હતી. સાથે કશું લાવી નથી.

ધીરેથી કહ્યું, 'મારી પાસે થોડા નટ્સ અને ચોકલેટ છે'.

તેણે હા પાડી. તેના હથમાં બેગ મૂકી. તે ધીરે ધીરે ખાઈ રહી હતી. તેના મુખ પરની રેખા જોઈ લાગ્યું એને ફાયદો થઈ રહ્યો છે.

અમેરિકામાં૪૭ વર્ષ થયા. એક નતિજા પર પહોંચી છું. " માણસ દુનિયાના કોઈ પણ દેશનું હોય, ચામડીનો રંગ અલગ હોય. કિંતુ દરેક માનવીનો સવ્ભાવ સરખો છે.'

જો આ વાત દરેક માનવ હિંદુ, મુસલમાન, શિખ કે ઈસાઈ સમજી જાય તો આ 'મારો કાપો'ની ચીસો સંભળવી ન પડે. દુનિયામાં થઈ રહેલા ઝઘડાની ફિસાદ મટી જાય. આપણા દેશમાં, બંગાળમાં થઈ રહેલી તાનાશાહી દૂર થાય.

ખરું જોતા 'માનવીને ખબર નથી તેને શું જોઈએ છે.'

" પૈસા અને સત્તાની ભૂખ' ક્યારે પણ સંતોષાસે નહી.

"જીવોઅનેજીવવાદો" એનોઅમલકરો

## પાટણ સંસદીય વિસ્તારમા ગૌ માતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરવાની ઉઠી માંગ



પાટણ સંસદીય મતવિસ્તારના શંખેશ્વર સમી હારીજ. ચાણસ્મા .અને સિધ્ધપુર મામલતદાર કચેરી એ ગુજરાત સરકાર મહારાષ્ટ્ર રાજય સરકારની તર્જ ઉપર ગાય માતાને રાજય માતા જાહેર કરવા માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું .જેમાં સનાતન હિન્દુ સંસ્કૃતિ માં ગાયનું સ્થાન હંમેશા વિશેષ રહ્યું છે .શાસ્ત્રો માં ગાયને માતાનો દરજ્જો અપાયો છે ગાય ના શરીર ઉપર ૩૩ કોટી દેવોનો વાસ છે . એવી અમારી આસ્થા અને વિશ્વાસ છે .અમારા ધર્મશાસ્ત્રમાં ગાય માતા નો મહિમા બહુ વિસ્તારપૂર્વ ગવાયો છે. ભગવાનના અવતાર લેવાના કારણોમાં એક કારણ ગૌહીત છે .ગાયનું સંવર્ધન અને રક્ષણ છે .શાસ્ત્રમાં ઉલ્લેખિત ગૌ મહિમા આજના આધુનિક વિજ્ઞાનને પણ સ્વીકાર્યો છે .ગાય સાથે અમારી કુદરતી લાગણી જોડાયેલી છે. ગૌહત્યા અમારા માટે અત્યંત દુ:ખ દાયક છે .સનાતન ધર્મમાં શંકરાચાર્યજીનું મહત્વ વિશેષ રહેલુ છે.અનંતશ્રી વિભૂષિત જયોતિષપીઠાધીશશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામીઅવિમુકતેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજના નેતૃત્વમાં સનાતન ધર્મની માંગ વધુ પ્રબળ બની રહી છે. ગાયને અમે માતા માનીએ છીએ પરંતુ સંવિધાનિક રીતે ગાયને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવાની અમારી માગ છે .ગાય રાષ્ટ્રની ધરોહર ગણાય છે. રાષ્ટ્રધ્વજ... રાષ્ટ્ર પ્રાણી....રાષ્ટ્ર પક્ષી .....વગેરેની સુરક્ષા અને સંવર્ધન થાય છે ..તેવી જ રીતે ગાયની રક્ષા અને સંવર્ધન થાય એવી અમારી લાગણી અને માગણી છે. જેના અનુસંધાને ખોરસમ અવધેશ આશ્રમના રામગીરી બાપુ .વાલ્મિકી સમાજ ૨૮૨ વઢીયાર ગુરૂ ગાદીના મહંત શ્રી ગિરધરદાસ .સમી ગૌસેવાના પ્રખર ગૌવંશ રક્ષણના હિમાયતી લાભુદાદા. નીતિનભાઈ વ્યાસજી. હારીજ ગૌશાળા ના લાલજી મહારાજ .ચાણસ્મા નગરના લાલજી દાસ લક્ષ્મીદાસ પરિવારના ટ્રસ્ટી ઉમેશભાઈ પટેલ. ગુજરાત રાજ્ય પત્રકાર એકતા સંઘના પ્રમુખ કમલેશભાઈ પટેલ .સમાજ અગ્રણી દીપકભાઈ કે રાઠોડ .ગોગા મહારાજ મંદિરના સેવક મુકેશભાઈ પિત્રોડા. હેગાજી ઠાકોર અને નગર અગ્રણીઓ ને વિશેષ ઉપસ્થિતિમાં આવેદનપત્ર આપવામાં આવ્યું

## 'શ્રી આદિજન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)' દ્વારા જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ પુણે ખાતે ત્રણ ગૌશાળાઓમાં ગૌમાતાનાં શેડનું લોકાર્પણ

'શ્રી આદિજન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)' જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ સંસ્થા દ્વારા અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે. નકામી બંજર જમીનમાં નેપીયેર ઘાસ ઉગાડવા માટે મદદ કરવામાં આવે છે. પશુઓને શાતા મળી રહે તે માટે શેડ, ચારા, ગોદામ તેમજ પાણીનાં અવેડા, ગમાણ વગેરે અકોલા, નાંદેડ, યવતમાલ, વર્ધા, નાગપુર, મહારાષ્ટ્રમાં બંધાવી આપ્યા છે. દર વર્ષે મેગા એનીમલ કેમ્પનું વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં આયોજન કરવામાં આવે છે. જેમાં ૨૦- ૩૦ ગામોનાં પશુઓનો સમાવેશ કરીને લગભગ ૧૫૦ થી ૨૦૦ ડોકટરોની મદદથી હજારોની સંખ્યામાં પશુઓની સારવાર તેમજ ઓપરેશન કરવામાં આવે છે. જેમ કે કેન્સર, ટયુમર તથા પેટમાં રહેલ પ્લાસ્ટિક, કાચ જેવી હાનિકારક વસ્તુઓને ઓપરેશન દ્વારા બહાર કાઢવા, ગર્ભાશયનાં વિવિધ ઉપચાર, જયપુર ફૂટ વગેરે જેમાં ૫ થી ૧૦ પાંજરાપોળોને લાભ મળે છે. બનાસકાંઠામાં આવેલા પુર સમયે અને રાજસ્થાનમાં દુષ્કાળનાં સમયગાળામાં પશુઓ માટે ઘાસચારો પૂરો પાડવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર તેમજ ગુજરાતમાં ૧૦ જગ્યાએ શેડ બનાવી આપવાનું કામ ચાલુ છે જેમાં ૩૦૦૦ થી વધુ જીવોનો સમાવેશ કરવામાં આવશે. નાલાસોપારા અને વિરારમાં રસ્તે રખડતાં શ્વાન અને બિલાડીઓને રોજ દૂધ અને રોટલી આપવામાં આવે છે. કાંદીવલી અને નાલાસોપારામાં વિવિધ જગ્યાએ પક્ષીઓ માટે પાણીના કુંડા અને રોજની ૨૦૦ કિલો જુવાર, મકાઈની ૩૬૫ દિવસ સેવા ચાલુ છે.'શ્રી આદિજન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)' દ્વારા પુણે ખાતે સરસેનાપતિ હંબીરરાવ મોહિતે ગોરક્ષણ ટ્રસ્ટ ગૌશાળા, શ્રી સમર્થ ગૌશાળા અને શ્રી બોરમલનાથ ગૌશાળામાં ગૌમાતાનાં શેડનું મહારાષ્ટ્ર ગૌસેવા આયોગનાં અધ્યક્ષ શેખર મુંદડા અને 'શ્રી આદિજન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)'નાં મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ જરીવાલાનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ માટે શ્રી ગુજરાતી જૈન સમાજ, ચંદુલાલ દામોદરદાસ વોરા અને શ્રીમતી મધુબેન ચંદુલાલ વોરા તેમજ શ્રીમતી કોકીલાબેન નવીનચંદ્ર મહેતા પરિવાર સહિતનાઓનો સહયોગ મળ્યો હતો.

## 'આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત' ની વિભાવના સાથે વાસુરણા ખાતે કરાઈ 'દશેરા' પર્વની ઉજવણી

આહવા


આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત' ની વિભાવના સાથે, ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત 'તેજસ્વિની સંસ્કૃતિ ધામ' ખાતે 'દશેરા' પર્વની ઉજવણી કરાઈ હતી.

શૌર્ય અને વિજયના આ પર્વે ડાંગ પ્રદેશના ભૂતપૂર્વ રાજવી પરિવારોના વારસદારોના પ્રતિનિધિ એવા વાસુરણાના રાજવી શ્રી ધનરાજસિંહ સૂર્યવંશીનુ ભારતિય પરંપરા મુજબ પૂજન અર્ચન કરી, 'તેજસ્વિની સંસ્કૃતિ ધામ'ના સંસ્થાપક બ્રહ્મવાદિની સુશ્રી હેતલ દીદીએ, ગામના પૌરાણિક મંદિરમા પણ, ગ્રામજનો સાથે પૂજાપાઠ



કર્યા હતા.ત્યાર બાદ ભાવિક ભક્તો, મહાનુભાવોએ શોભાયાત્રા સાથે આશ્રમ ખાતે પધારી, માં જગદંબાની નવ નવ દિવસની આરાધના બાદ, ગામની દીકરીઓનુ પૂજન અર્ચન કરી, માં શક્તિની ભક્તિનો અવસર ઉજવ્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS .352**
વિષય : દશેરા. શીર્ષક : મા.
શબ્દો :. ૧૮૦ પ્રકાર, ગદ્ય

દશેરા એક મહત્વપૂર્ણ હિન્દુ તહેવાર છે જે અધર્મ પર ધર્મના વિજયનો ઉત્સવ છે □. આ તહેવાર ભારતના વિવિધ ભાગોમાં જુદી-જુદી રીતે ઉજવવામાં આવે છે. દક્ષિણ, પૂર્વીય અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં તેને વિજ્યાદશમી તરીકે ઓળખવામાં આવે છે, જે રાક્ષસ મહિષાસુર પર દેવી દુર્ગાના વિજયનો ઉત્સવ છે □. જ્યારે ઉત્તરીય અને પશ્ચિમી રાજ્યોમાં તેને દશેરા કહેવામાં આવે છે, જે રાવણ પર ભગવાન રામની જીતને યાદ કરે છે □.

★દશેરા ઉત્સવ★
માનવતાને શીખવે છે કે સારા અને પવિત્ર લોકો હંમેશા અનિષ્ટ પર વિજય મેળવે છે. આ તહેવાર મનુષ્યોને તેમના જીવનમાં સત્ય અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.
★દશેરા ઉત્સવ નું આયોજન★

દશેરા ઉત્સવ વિવિધ ક્ષેત્રોમાં જુદી જુદી રીતે ઉજવવામાં આવે છે. કેટલીક જગ્યાએ રાવણના પૂતળા બાળવામાં આવે છે, તો કેટલીક જગ્યાએ ભગવાન રામની પૂજા કરવામાં આવે છે. આ દિવસે તરબૂચનું પણ આયોજન કરવામાં આવે છે, જ્યાં લોકો તેમના પરિવાર સાથે આવે છે અને મજા કરે છે.

★દશેરા ઉત્સવ સંદેશ★

દશેરા ઉત્સવનો સંદેશ છે કે વ્યક્તિએ હંમેશા સત્ય અને સત્યના માર્ગે ચાલવું જોઈએ. આ તહેવાર મનુષ્યોને તેમના જીવનમાં સાચા અને પવિત્રને અપનાવવાની પ્રેરણા આપે છે. તેથી દશેરા ઉત્સવની ઉજવણી કરતી વખતે તેનું મહત્વ પણ સમજવું જોઈએ.

શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO 371**
વિષય:-"દશેરા,રાવણ દહન, શસ્ત્ર પૂજા"
શિર્ષક :- આંખો ખોલો
પ્રકાર :- પદ્ય. શબ્દો:- ૧૦૮

રાવણ દહન! શું આપણે ખરેખર આ કરીએ છીએ,
કે પછી રાવણ દહનના નામે ખોટું તરકટ કરીએ છીએ.

સતયુગમાં દશેરાએ રામે રાવણનો વધ કરેલ,
રાવણ એટલે અહંકાર રૂપી રાવણનો વધ કરેલ.

શું આપણે કયારેય આપણી અંદર છુપાયેલા અહંકાર રૂપી રાવણનો વધ કરીએ છીએ,
માત્ર રાવણનું પૂતળું બનાવી દહન કરવાથી ખરા અર્થમાં દહન કરીએ છીએ??

સતયુગમાં ક્ષત્રિય સમાજનું રક્ષણ કરવા શસ્ત્રો ધારણ કરતા,
કળયુગમાં જાતનું રક્ષણ કરવા દરેકે શસ્ત્ર ધારણ કરવું જરૂરી છે.

રાવણે એકવાર જન્મ લીધોને બાળવામાં આવે છે વર્ષો વર્ષ,
થાઓ કટિબદ્ધ સમાજમાં ફરતા રાવણને આપણે જ બાળશું હવે વર્ષો વર્ષે.

કહે ચાંદની સમજો તો સ્વીકારોને આંખો ખોલો તમારી,
નહિ તો આમ જ નરાધમો ઈજ્જત લૂંટ્યા કરશે તમારી.

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.: 0141***
★વિષય: "દશેરા,રાવણ દહન, શસ્ત્ર પૂજા"★
★શીર્ષક: "આપણે રાવણ"★
★શબ્દ સંખ્યા: ૩૫૦★

રાવણ નામ ખૂબ આકર્ષક છે. આપ પ્રયત્ન કરો. એકવાર છૂટા અક્ષર પાડીને ધીમેથી બોલો તો; "રા...વ...ણ..."! કેટલો બધો આહ્લાદક ભાવ આવે છે? નહિ! વળી શાંતિથી બોલશો તો, પ્રેમ ઉદ્ભવશે એ નક્કી.

રાવણ વિના રામનું વ્યક્તિત્વ શૂન્ય છે. રામને ઊંચાઈ અને ઉજાગર રાવણ કરે છે. લક્ષ્મી, બુદ્ધિ અને બળ! -ત્રણેયમાં રાવણ સમર્થ છે. એકીસાથે આ ત્રણે વસ્તુ વિધાતાએ કોઈને જો આપી હોય તો ફક્ત રાવણને.

રાવણે ઉગ્ર તપશ્ચર્યા દ્વારા બ્રહ્માને પ્રસન્ન કરી અમૂલ્ય વરદાન માંગ્યું કે, 'તેને કોઈપણ પક્ષી, નાગ, યક્ષ, કિન્નર, ગાંધર્વ, દૈત્ય, દાનવ, રાક્ષસ કે દેવ-દેવી (માનવ અને વાનરને તે તુચ્છ ગણતો હતો) મારી શકે નહિ, તેનો વધ કરી શકે નહિ'.

રાવણ વેદોનો પારંગત, પ્રકાંડ પંડિત, વિદ્વાન હતો. રૂપ, સૌન્દર્ય, ધૈર્ય, કાન્તિ વગેરેથી સર્વલક્ષણયુક્ત, મહા તેજસ્વી, પ્રતાપી, પરાક્રમી સર્વગુણ સંપન્ન હતો.

દશ માથાં અને વીસ ભુજા ધરાવતો તે માયાવી હતો. એની પાસે શિષ્ટાચાર અને ઊંચા આદર્શો હતા.મર્યાદાઓનું ખાસ આચરણ કરતો હતો. રામાયણમાં વર્ણન છે કે, ખુદ રામ રાવણને જોઈને મંત્રમુગ્ધ થઈ જાય છે.

રાક્ષસકુળના રક્ષણ માટે પ્રતિબદ્ધ રાવણ, સોનાની લંકાનો, રાજા, અધિપતિ હતો. પોતાની શક્તિઓના બળે તે ત્રણેય ભુવનમાં ફરી શકતો હતો. તેની પાસે મનની ગતિ પ્રમાણે ચાલતું પુષ્પક નામનું વિમાન હતું. પિતા ઋષિ અને માતા રાક્ષસી દ્વારા જન્મ પામેલ રાવણ બંનેના ગુણ ધરાવે છે.

રાવણને એની શક્તિઓ, સામર્થ્ય પર બહુ દર્પ હતો. એની એક જ જીદ "સીતા નહિ સોંપું". અહંકારમાં રાજ્ય, પુત્ર, ભાઈ સર્વસ્વ ગુમાવે છે. લડાઈના મેદાનમાં દિનપ્રતિદિન પોતાના સમર્થ સૈનિકો, વીરનાયકો, સેનાપતિઓ, ભાઈઓ, પુત્રો હણાઈ જવા છતાં તે શરણાગતિ સ્વીકારતો નથી. પોતાનો વધ થવા સુધી...રાવણનો મુખ્ય અવગુણ "અહંકાર"!

આધ્યાત્મિક દૃષ્ટિએ રાવણ આપણે પોતે છીએ. અમોઘ શક્તિથી ભરેલા સર્વગુણ સંપન્ન પણ અહંકારી. "શરીર નાશવંત છે" તે માની શકતા નથી. સીતા મમત્વ છે. મોહમાયા છે. પ્રચંડ શક્તિ છે. તે પરમાત્મા સિવાય કોઈની થઈ નથી કે થવાની નથી. રામ અવિનાશી તત્વ છે. આત્મા(આપણે) શરીરના લક્ષણોને લઈને પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયા છીએ.
અહંકાર(મમત્વ), સર્વનાશ નોતરે છે. કોઈનું કહેવું માને નહિ ને કોઈને ગણકારે નહિ!

આપણે આ ધરા ઉપર ભગવદ્ કૃપાથી, માનવ અવતારે, યાત્રાળુ થઈ આવ્યા છીએ, "આપણી સદગતિ અને મોક્ષ(મૂળ સ્વરૂપનું જ્ઞાન) માટે"! તો તેને સાર્થક કરી સિદ્ધ થઈએ...

: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 231**
વિષય. શસ્ત્ર પૂજન અને દશેરા
શીર્ષક "વિજ્યા દશમી "
શબ્દ ૧૫૮. પ્રકાર ગદ્ય
મહાભારત ના યુદ્ધ વખતે જ્યારે અર્જુન જોવે છે કે મારે તો શસ્ત્ર મારા પોતાના સામે જ ઉઠાવવાના છે અને એ હથિયાર નીચે મૂકી દે છે અને ત્યારે શ્રી કૃષ્ણ " ગીતા "ના માધ્યમથી એને સમજાવે છે કે કર્મ એજ એક ઉપાય છે અને સામે જે છે એ તારા પોતાના નથી પણ અન્યાય સાથે જે ઊભા છે એ લોકો છે એવી જ રીતે રામાયણ મા પણ પ્રભુ શ્રી રામ રાવણ સામે હથિયાર અને વાનર સેના દ્વારા યુદ્ધ કરે છે અન્યાય સામે અવાજ ઉઠાવવા.ઈશ્વરે જ્યારે જ્યારે આ પૃથ્વી પર અન્યાય અને અત્યાચાર વધ્યો ત્યારે ત્યારે જન્મ લઈ ને શસ્ત્ર ઉઠાવ્યા છે .અને હવે એ દિવસો આવી ગયા છે કે આપણે પેહલા આપણી અંદર ના રાક્ષસ સામે હથિયાર ઉઠાવવાના છે પોતાનો અહંકાર,જીદ,બીજાને પીડા આપવાની વૃત્તિ,અને આવા તો કેટલાય દોષ હોય છે આપણા મા અને આ બધા પર જો વિજય મેળવ્યો તો દરેક એ દિવસ "વિજ્યા દશમી" છે .
શુચી રાવલ..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય- દશેરા,રાવણ દહન, શસ્ત્રપૂજા.
શીર્ષક - શ્રીરામ હાથે હણાયો.
શબ્દ સંખ્યા - ૧૮૫
......................................
હું રૂપી અહંકારને બાળવો છે જલાવો છે..!
જે સોનાની લંકાનો રાજા હતો..!
તેને આપણે જલાવતા ..!
જે પરાક્રમી ,જે શકિશાલી, ત્રણે લોકમાં જાણીતો, ચાર વેદોનો જાણનાર મહાપંડિત, મહાજ્ઞાની, શિવજીનો સાચો ભકત..!

શ્રદ્ધા થકી દશાનંદ કહેવાયો..! સંગીતનો કલાકાર ,વાદ્યોની જાણકારીને સરિતા વહેવડાવતો..!
રાવણ હથૈ એનું વાઘ હતું..!
વેર હતું પ્રભુ શ્રીથી હવસ માતા સીતાનું હરણ કર્યું ..!

પોતાની મર્યાદામાં રહીને મા સીતાને રાખ્યાં..!
કુદ્રષ્ટિથી ક્યારેય ના તોલતા..!
ફૂલોની વાટિકામાં રાખ્યાં હતાં સીતામાને...!
સંસ્કારી હતો સત્કરમી હતો.!

હર સિધ્ધિના જ્ઞાની હતો.!
પતનનું એક જ કારણ..! પોતાની શક્તિઓ પર અભિમાન હતું..!
કરી ઉદ્ધાર વંશજનોનું રામની સામે આવીને રામનાં હાથે મરવાની ઈચ્છા પ્રગટ કરી ..!

રાવણને મારવો સહેલો નથી..! અંત છે બુરાઈઓનો લોકોને સમજાવો તો ગયો..!
રાવણને મારવા માટે શ્રીરામે નવ દુર્ગાની પૂજા કરી મેળવી શક્તિ..!
અદભુત લીલાં પ્રભુની સંસ્કારને સઃ સમ્માના જલાવીને માનવ આભાર - નિહારીકા રવિયા ને એક ચુનોતી કરીને ગયો..!

કોઈ રાવણ નામ નથી રાખતું..!
શિવ તાંડવ સ્તોત્ર રચાયતા..! જલવા વાળો પણ રાવણ?...! જલાવવા વાળો પણ રાવણ..!

બુરાઈ પર જીત મેળવનાર જલાવવા વાળા તો હતો..!
જ્ઞાની અને ધ્યાનીને વિદ્વાન..!
પણ જલાવવા વાળો માનવ તો મુખવટો તો પહેરેલો શેતાન છે ..!
એક જ રાશિ રામ અને રાવણની..!
એક પાપી અને એક વિરામ રાવણ હાર્યો પ્રેમ કરતાં..! અસત્યને દસમુખનો દસ વિકાર કલંકિત કરે જીવનને..!

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

# ખેરિન્દ્રા ગામે સાઊન્ડ સિસ્ટમ બાબતે બે સંપ્રદાયનાં લોકો વચ્ચે તકરાર




ડાંગ. ડાંગ જિલ્લા નાં સુબીર તાલુકાનાં ખેરિન્દ્રા ગામે સાઊન્ડ સિસ્ટમ બાબતે બે સમુદાયો વચ્ચે રકઝક થયાં બાદ મંદિર તોડવાની ધમકી આપતાં એક સમુદાય સુબીર પોલીસ સ્ટેશને ફરીયાદ આપી ધર્માંતરણ નો આક્ષેપ કયો છે.

પોલીસ સુત્રો પાસેથી પાપ્ત માહિતી મુજબ ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં ખેરિન્દ્રા ગામે હાલ આદિવાસીઓનાં પરંપરાગત નવરાત્રી પર્વ ચાલી રહી છે જેની ઊજવણી ચાલી રહી છે ગામલોકો એ તેમનાં ગામ સમિતિનું સાઊન્ડ સિસ્ટમ બીજા ધર્મનાં લોકો પાસેથી માગવાં જતાં તે આપ્યું ન હતું તેમજ ધાક-ધમકી આપી મંદિર તોડી પાડવાની ધમકી આપતાં ગામલોકો ભેંગા થઈ ગયાં હતાં અને સુબીર પોલીસ સ્ટેશન માં લેખિત ફરીયાદ આપી તેમાં જણાવ્યું હતું કે અમે આદિવાસી લોકો પીઢીઓ થી આદિવાસી પરંપરા મુજબ નવરાત્રી પર્વની ઊજવણી કરતાં આવ્યાં છે ગામ માં ધાર્મિક પ્રસંગ હોય ત્યારે ગામ માં કોઈએ પણ માસ-મટન ખાવું નહી તેવું નક્કી કરેલું હોવાં છતાં અન્ય સમુદાયનાં લોકો જાણી જોઈને બે દિવસ અગાઊ બકરો કાપ્યો હતો તેમજ બહારથી આવેલાં ધર્મનાં પ્રચારકો ભોળી આદિવાસી પ્રજાને ભરમાવી ધર્માંતરણ કરાવી રહયાં છે જેનાં લીધે ગામની શાંતી ડોહળાઈ રહી છે માટે આવાં તત્વો સામે કડક પગલાં લેવામાં એવી માંગણી કરવામાં આવી છે.

**જાહેર સ્થળ પર સરકારી કામ ચાલતું હોય તો વિગત દર્શાવતું બોર્ડ લગાવવાનું હોય તે પણ નહીં લગવાયાનો આક્ષેપ**

# ડાંગ જિલ્લા સુબીર તાલુકાની પ્રાથમિક શાળાની દિવાલનું કામ અટકાવ્યું યોગ્ય માલ-સામાન નહી વાપરે ત્યાં સુધી કાંમ બંધ રાખવામાં આવશે

આહવા-ડાંગ

ડાંગ જિલ્લા સુબીર પચાયતનાં શિક્ષણ વિભાગ હસ્તક આવતાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ની ગ્રાંન્ટ માંથી સુબીર ગામ ની પ્રાથમિકસુબીર- શાળા કંપાઊન્ડ વોલ કામગીરી એક ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે જે દિવાલની બાધકામ ની કામગીરીસુબીર-ના સિમેન્ટ,રેતી અને ઈંટ નિમ્નકક્ષાનું વપરાતાં ગામનાં યુવાનો ,આગેવાન અને ભારત આદિવાસી સંવિધાન સેનાં ડાંગ પ્રમુખ નિલેશ ઝાંબરેએ પ્રાથમિક શાળા પર ધસી જઈ બાધકામ અટકાવ્યું હતું અને જગ્યાં પર નાંખેલ મટીરીયલ ઈંટ ,રેતી તેમજ સિમેન્ટ હલકી કક્ષાનું હોવાનો આક્ષેપ કર્યો હતો તેમજ પાયો પણ યોગ્ય ધારાધોરણ મુજબ ખોદાયો નથી દિવાલ ની પહોસુબીર-ળાઈ પણ ઓછી છે તેમજ દિવાલનાં બીમ સળિયા નથી તેમને ત્યાં હાજર કોન્ટાકટર પાસેથી કામનું એસ્ટીમેન્ટ માંગ્યું હતું તે આપવામાં પણ કોન્ટ્રાકટરે ગલ્લાં-તાલ્લા કર્યા હતાં કામની વિગત જાણવાં માટે જિલ્લા પચાયત સમગ્ર શિક્ષા અભિયાન નાં ઈજનેર ચંદુભાઈનો ટેલીફોનીક સંપર્ક કર્યો હતો પરંતુ તેઓ તેમની ટેવ મુજબ ફોન રિસીવ કર્યો ન હતો જાહેર સ્થળ પર સરકારી કામ ચાલતું હોય ત્યાં વિગત દર્શાવતું બોર્ડ પણ નથી ડાંગ જિલ્લા વિકાસ અધિકારી અને પ્રાથમિક શિક્ષણ આ બાબતે યોગ્ય




તપાસ કરી બાળકો અને વાલીઓનાં હીતમાં યોગ્ય કાર્યવાહી કરે તેવી ગામનાં લોકોની માંગ છે

૧.ભારત આદિવાસી સંવિધાન સેનાં ડાંગ પ્રમુખ નિલેશ ઝાંબરે એ જણાવ્યું હતું કે કેટલાક ગામનાં જાગૃત યુવાનો અને વાલીઓએ સુબીર પ્રાથમિક શાળાની દિવાલનું કામ અંગે જાણ કરી હતી જેથી સ્થળ પર જોવા માટે ગયો હતો ત્યારે સ્થળ પર સિમેન્ટની કાચી ઈંટ અને નદીનું ભાઠું થી બાધકામ ચાલતું હતું જેથી અમોએ કામ અટકાવ્યું છે યોગ્ય માલ-સામાન લાવશે તો જ કરવા દેશું.



**પૂજ્ય શ્રી ભૂપેન્દ્ર ભાઈ પંડ્યાજી નાં આશીર્વાદ થી, જેમ્સ બિઝનેસ નેટવર્ક એ તા. ૧૨.૧૦.૨૪ ના સતત ૧૯મા વર્ષે, દશેરાનાં પાવન દિવસે ગરીબોને પાપડી જલેબી અને ઈડલી વડા નું વિતરણ કાર્ય કર્યું. આશરે ૭૦૦થી વધુ ગરીબો એ આનો લાભ લીધો. આ વર્ષે રોટરી ક્લબ ઓફ બોરીવલી ?એ પણ આ કાર્ય માં સાથ આપ્યો હતો. આયોજક જેમ્સ બિઝનેસ નેટવર્ક ના વિરેશ વોરા, હેમંત આશર અને અશ્વિન ગાલા આ પ્રસંગે હાજર હતાં. અન્ય મહેમાનો માં રોટરી ક્લબ ઓફ બોરીવલી નાં પ્રેસિડેન્ટ હરીશ ચંદારાણા, ચેતન જોશી, નીતિન મજીઠીયા, ગુજરાતી સેવા સમાજના ટ્રસ્ટી મુકેશભાઈ ઠક્કર હાજર હતા.**



આજે નૈરોબીમાં છેલ્લા ૫૦ વર્ષથી સ્પેઈનલ ટ્રીટમેન્ટનાં નિષ્ણાત ડો. કિરીટ શાહ અમદાવાદમાં પધારેલા હતા. આગામી ત્રણ દિવસ ગાંધીનગર ખાતે યોજાનાર સ્પાઈનલ સેમીનાર માટે તેઓ ખાસ ભારતમાં પધાર્યા છે. અને યુરોપમાં કોઈ પણ ઓપરેશન કે એનેસ્થેસિયા વગર જે રીતે સ્પાઈનલ સર્જરી કરવામાં આવે છે. તેવું જ રીતે ભારતમાં પણ દરેક ગરીબ દર્દીઓને આ પ્રકારની સારવારનો ખૂબ જ બહોળા પ્રમાણમાં લાભ મળી રહે, તે ઉદ્દેશ્યથી તેમણે આજે મીડિયા સમક્ષ તેમના દ્વારા કરવામાં આવેલા દર્દીઓના ઉપચારનો વિડીયો સંદેશ પણ પ્રસ્તુત કર્યો હતો. આ સાથે તેમણે સ્પાઈનલ સર્જરીની લાખો રૂપિયામાં થતી સર્જરીના બદલે ઓપરેશન અને કોઈપણ ચિરો કે એને એનેસ્થેશિયા આપ્યા વગર અને ખૂબ જ સામાન્ય ખર્ચમાં જરૂરિયાતમંદ દર્દીઓને રાહત પહોંચાડી શકાય, તેવા ઉમદા આશયથી મીડિયા સમક્ષ સંબોધન કર્યું હતું.

# મોરબીના ઈન્દિરાનગર વિસ્તારમાં પ્રેમ સંબંધના કારણે યુવાને અપહરણ કરી તેણે મોતને ઘાટ ઉતારી

મોરબી,

મોરબીના ઈન્દિરાનગર વિસ્તારમાંથી ગતરાત્રિના પ્રેમ સંબંધમાં યુવાનનું રીક્ષામાં બેસાડી અપહરણ કર્યા બાદ હથિયારોથી માથાના અને હાથ પગમાં ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરવામાં આવી હતી. બનાવ મામલે પોલીસે હત્યાની ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે. ઈન્દિરાનગરમાં રહેતા વિશાલ પરસોતમભાઈ માનેવાડિયાએ આરોપીઓ પ્રવિણ ઉર્ફે ઉગો અદગામા, નરેશ લાભુભાઈ વાઘેલા, કિશોર લાભુ વાઘેલા, વિશાલ કોળી, હકાભાઈ અદગામા ઘુંટુવાળા, કાના હકાભાઈ, જયેશ જીવણ અદગામા, સુનિલ જયંતિ જોગડીયા, મનીષ ઉર્ફે ભોલો, મેરીયો રબારી અને એક અજાણ્યો ઈસમ એમ ૧૧ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે તેઓ ગતરાત્રિના ત્રાજપરમાં માતાજીના મઢે ગયા હતા અને તાવા પ્રસાદી બનાવતા હતાં. ત્યારે ત્રાજપરમાં રહેતા રાહુલ મહેશ જંજવાડિયાએ આવી વાત કરી હતી કે તે તથા ગોગો સાતોલા અને નાનો ભાઈ વિજય ઉર્ફે રવિ પરસોતમભાઈ માનેવાડિયા ત્રણેય ઈન્દિરાનગર ખારા પટમાં બેઠા હતા ત્યારે પ્રવિણ, વિશાલ કોળી અને જયેશ સહિતના આવી વિજય સાથે ઝગડો કરવા લાગ્યા હતા અને વિજય ઉર્ફે રવિને ખેંચીને માળિયા ફાટક તરફ લઈ ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી તેઓ વિજયની તપાસ કરવા નીકળ્યા હતા.નાના ભાઈ વિજય ઉર્ફે રવિને બે ત્રણ વર્ષ પૂર્વે ત્રાજપરમાં રહેતા ડાયાભાઈ અદગામાની દીકરી શીતલ સાથે પ્રેમસંબંધ હોય જેની પરિવારને જાણ થતા અગાઉ સામાન્ય બોલાચાલી થઇ હતી અને તે બાબતે ઘરમેળે સમાધાન કરી લીધું હતું જેનો ખાર રાખીને આરોપીઓએ ભાઈનું અપહરણ કરી લઇ ગયાની શંકા જતા ઘૂટું ગામે તપાસ કરવા ગયા હતા પરંતુ કોઈ પત્તો લાગ્યો ના હતો અને રંગપર બેલા રોડ પર પેટ્રોલ પંપ પાસે નાનો ભાઈ વિજય ઉર્ફે રવિ લોહી લુહાણ હાલતમાં પડયો હતો જેને જણાવ્યું હતું કે ઈન્દિરાનગરથી રીક્ષામાં બેસાડી બાવળની કાંટમાં લઇ જઈને પ્રેમ સંબંધ મામલે ધોકા વડે આડેધડ માર માર્યો હતો ભાઈને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ લઇ ગયા હતા જ્યાં મોત થયું હતું.

# વડોદરા દુષ્કર્મ કેસમાં મોટો ખુલાસો, તમામ નરાધમોના મોબાઈલમાં અશ્લીલ વીડિયોની ભરમાર

ભાયલી ગેંગરેપ કેસમાં ઝડપાયેલા પાંચ નરાધમોના કબજે કરવામાં આવેલા પાંચ મોબાઈલમાં અનેક અશ્લિલ વીડિયો મળ્યા હતાં. આ વીડિયો જોઇને જ ગેંગરેપ વખતે વિકૃતિની તમામ હદો વટાવી હોવાનું પોલીસ માની રહી છે.

ઉલ્લેખનીય છે કે ગેંગરેપના પાંચ આરોપીઓ મુન્ના અબ્બાસ બનજારા, મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા, શાહરૃખ કિસ્મતઅલી બનજારા, સૈફઅલી મહેંદી હશન બનજારા અને અજમલ સત્તાર બનજારાની જિલ્લા પોલીસે ધરપકડ કર્યા બાદ તેમના ઘેર સર્ચ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાંચેયના મોબાઇલ પણ પોલીસે કબજે કર્યા હતાં. પોલીસે પાંચેયના મોબાઇલનો અભ્યાસ કરતાં મોટી સંખ્યામાં અશ્લિલ વીડિયો તેમજ સાહિત્ય મળ્યું હતું.

પાંચેય નરાધમો ખૂબ વિકૃત હોવાનું પોલીસને પ્રથમ દ્રષ્ટિએ જ જણાયું હતું. આ ઉપરાંત કેટલાંક વીડિયો પાંચેય નરાધમોએ પોતાના મોબાઇલમાંથી ડીલિટ કરી દીધા હોવાનું મનાતા પાંચેય મોબાઇલને પોલીસ દ્વારા એફએસએલમાં મોકલવામાં આવશે. પોલીસે ઝડપી પાડેલા



પાંચેય નરાધમો મૂળ ઉત્તર પ્રદેશના છે પરંતુ લાંબા સમયથી તેઓ કામ ધંધા માટે વડોદરા આવીને સ્થાયી થયા છે. ગુનાઇત પ્રવૃત્તિ કરવા માટે ટેવાયેલા હોવાની આશંકા સાથે જિલ્લા પોલીસે ઉત્તર પ્રદેશ પોલીસને પણ તેમના મૂળ વતનના નામ-સરનામા સાથે એક પત્ર લખ્યો છે અને તેમના કોઈ ગુના હોય તો વિગતો માંગી છે.

# ભાવનગર મનપાના ફૂડ વિભાગે પનીર સહિતના ૭ ખાદ્યપદાર્થના નમૂના લીધા



ભાવનગર : તહેવાર તેમજ ફૂડ સેફ્ટી પખવાડીયાને લઈ મહાપાલિકાના ફૂડ વિભાગે ખાદ્યપદાર્થના નમૂના લેવાની કામગીરી યથાવત રાખી છે અને છેલ્લા ૮ દિવસમાં આશરે ૯૫થી વધુ ખાદ્યપદાર્થના નમુના લેવામાં આવ્યા છે, જેમાં આજે રવિવારે પનીર સહિતના ખાદ્યપદાર્થના ૭ નમૂના લેવામાં આવ્યા હતાં. ખાદ્યપદાર્થના નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં. ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા વડી કચેરીની સૂચના અનુસાર તહેવાર અને ફૂડ સેફ્ટી પખવાડીયાના પગલે છેલ્લા આઠ દિવસથી ખાદ્યપદાર્થના નમુના લેવાની કામગીરી યથાવત રાખી છે, જેમાં આજે રવિવારે પનીર સહિતના ખાદ્યપદાર્થની લેવાની સૂચના હતી તેથી ફૂડ વિભાગની ટીમે આજે રવિવારે રજાના દિવસે સીદસર રોડ, વાઘાવાડી રોડ, પીરછલ્લા વગેરે વિસ્તારમાં રેસ્ટોરન્ટ અને પનીરનુ વેચાણ કરતા વેપારીઓને ત્યાં તપાસ કરી પનીરના પાંચ નમૂના લીધા હતાં. આ ઉપરાંત એક રેસ્ટોરન્ટમાંથી પનીરવાળી સબજી અને પનીર વગરની સબજીના બે નમૂના લેવામાં આવ્યા હતાં. ફૂડ વિભાગે પનીર સહિતના કુલ ૭ નમૂના લીધા હતાં. આ નમૂના તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા હતાં. મહાપાલિકાના ફૂડ વિભાગની ટીમે તપાસનો ધમધમાટ યથાવત રાખતા અને ખાદ્યપદાર્થના નમૂના લેતા ભેળસેળ કરતા વેપારીઓની ચિંતા વધી હોવાનુ ચર્ચાય રહ્યુ છે. આગામી દિવસોમાં પણ ખાદપદાર્થના નમૂના લેવામાં આવશે તેમ મહાપાલિકાના ફૂડ વિભાગના સુત્રોએ જણાવેલ છે.

# ઇકો ઝોનનો અમલ અટકાવો : તાલાલા તા.પં.ની સામાન્ય સભામાં મુદ્દો ઉઠયો

તાલાલા, : તાલાલા પંથકમાં સૂચિત ઈકો સેન્સિટિવ ઝોન આવતો અટકાવો તેવી તાલાલા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં માગણી ઉઠાવાઈ હતી. આ ઉપરાંત માધુપુર ગીર અને જાંબુર ગીર ગામને અલગ અલગ ગ્રામ પંચાયત આપવાનાં અભિપ્રાય સાથે ગીર સોમનાથ જિલ્લા પંચાયતને દરખાસ્ત મોકલી આપવામાં આવી હતી.

તાલાલા તાલુકા પંચાયતની સામાન્ય સભા તાલુકા પંચાયત પ્રમુખ અનિલાબેન બારડ ના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી મયુરભાઈ વ્યાસની ઉપસ્થિત યોજાઇ હતી. તાલાલા પંથકની ગ્રામીણ પ્રજા તથા ખેડૂતો માટે આફત સમાન સૂચિત ઈકો સેન્સીટીવ ઝોન નો કાયદો આવતો અટકાવવા સામાન્ય સભામાં માંગણી કરવામાં આવી હતી.ઈકો ઝોન લાગુ થતા લોકોની ખેતી અને બિનખેતી કામગીરીમાં અનેક અવરોધ ઊભા થનાર હોય ગ્રામીણ પ્રજા તથા ખેડૂતોની મુશ્કેલી વધી જશે માટે તાલાલા પંથકમાં ઈકો ઝોન આવતો અટકાવવા ઠરાવવામાં માંગણી કરવામાં આવી હતી.

# સુરત શહેરમાં વિઝા-પાસપોર્ટની ઓફિસમાં આગ લાગી

સુરત,

સુરત શહેરમાં આગના ત્રણ બનાવમાં અડાજણ ખાતે વિઝા-પાસપોર્ટની ઓફિસમાં મોડી રાત્રે આગ ફાટી નીકળી હતી. બીજા બનાવવામાં વેસુ રોડ પર એમ્બોઝિયા બિઝનેસ હબમાં આજે શનિવારે સવારે લોન્ડ્રી દુકાનમાં આગ લાગી હતી અને ત્રીજા બનાવવામાં પાંડેસરા જીઆઇડીસીમાં આજે સવારે કાપડ યુનિટમાં ફ્યુઝિંગ મશીનમાં શોર્ટ સકટથી આગ લાગતા વધુ પ્રમાણમાં ધુમાડો નીકળતા ગભરાઈ ગયેલા કામદારો સહિતના લોકોમાં અફડાતફડી મચી જવા પામી હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ અડાજણ ખાતે શેલ પેટ્રોલ પંપ પાસે ઓક્યુલર બિઝનેશ હબ બિલ્ડીંગના બીજા માળે વિઝા-પાસપોર્ટની ઓફિસમાં શુક્રવારે મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. જેના લીધે ત્યાં વધુ પ્રમાણમાં ધુમાડો નીકળતો હોવાથી ભાગદોડ થઇ જવા પામી હતી. કોલ મળતા ત્રણ ફાયર સ્ટેશનની ચાર ફાયરની ગાડી સાથે ફાયર જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોચ્યા બાદમાં ચાર લાશ્કરો ઓકસીજન માસ્ક પહેરીને કામગીરી કરતા એક કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો. બીજા બનાવમાં વેસુમાં મગદલ્લા રોડ એમ્બ્રોસીયા બિઝનેસ હબમાં લોન્ડ્રીની દુકાનમાં આજે શનિવારે સવારે અચાનક આગ ભડકી ઉઠી હતી. કોલ મળતા ફાયરજવાનો ત્યાં પહોચીને દુકાનના શર્ટલનું તાળુ ફાયરના સાધને તોડીને અંદર જઇને અડધો કલાકમાં આગ ઓલવી હતી. આગના લીધે ઈસ્ત્રીઓ, ડ્રાઇકલીંન મશીન, બુંટો, ઈસ્ત્રી કરવા આવેલા વિવિધ કપડાનો જથ્થો સહિતની ચીજવસ્તુઓને નુકસાન થયુ હતુ. ત્રીજા બનાવમાં પાંડેસરા જીઆઇડીસીમાં આકાશ મીલ પાસે રચના આર્ટ કાપડ યુનિટમાં આજે સવારે ફ્યુઝિંગ મશીનમાં શોર્ટ સકટ થતા આગ ભભુકી ઉઠી હતી. જેથી ત્યાં કામ કરતા કામદોર સહિતના લોકો તરત યુનિટમાંથી બહાર નીકળી ગયા હતા. બાદમાં જોતજોતામાં આગ ફેલાતા ભીષણ સ્વરૃપ ધારણ કરતા ધુમાના ગોટે ગોટા નીકળવા માંડયા હતા. કોલ મળતા ત્રણ ફાયર સ્ટેશનની છ ગાડી ત્યાં પહોચી ગઇ હતી. જોકે ધુમાડાના લીધે ૬ ફાયરજવાનોએ ઓક્સીજન માસ્ક પહેરીને પાણી છંટકાવ સહિતની કામગીરી કરતા ૩ કલાકે આગ પર બુઝાવી હતી. આગના લીધે ગ્રે કાપડ, ફિનીંસીગ કાપડ, ઈલેકટ્રીક પેનલ બોર્ડ સહિતના માલસામાન અને ચીજવસ્તુઓનું નુકસાન થયુ હતુ. જયારે આ ત્રણે બનાવમાં કોઇ ઈજા જાનહાનિ થઇ નહી હોવાનું ફાયર ઓફિસરે કહ્યુ હતું.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.